ASHUTOSH®

# ધન વ્યવસ્થા

DHAN VYAVASTHA

VOL. No. 5    ISSUE NO. 05-2013-14    DT. 07.09.2013    RS. 10/-

## આશુતોષ વેલ્થ મેનેજમેન્ટ સર્વીસીઝ પ્રા. લી.ની સેવાઓના વ્યાપમાં કરવામાં આવેલ વધારો... અને તે સંદર્ભે નામમાં થયેલ ફેરફાર...

**અમારી કંપનીનું નવું નામ**

## આશુતોષ ફાયનાન્સીયલ સર્વીસીઝ પ્રા. લી.




# ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD.

A COMPLETE FINANCIAL SOLUTIONS ENTERPRISE

Sterling Apts., Opp. Mahatma Gandhi School, Jawahar Road, RAJKOT 360 001. GUJARAT, INDIA.
Telephone: +91 281 222 4499, 223 6969. Email: info@ashutoshwms.com Web: www.ashutoshwms.com

**OUR DIVISIONS & SERVICES**

## Ashutosh Investment Advisory

- Mutual Funds
- Insurance + Pension Plans
- Bonds, Fixed Deposits
- Equities • Commodities • Currencies
- Portfolio Management Services
- Initial Public Offer (New Issue of Shares)
- Investment in Precious Metals

## Ashutosh Realty Services

- Investment in Land, Commercial & Residential Properties
- Real Estate Portfolio Management Services (RE-PMS)

## Kothari & Co.

**Tax & Allied Laws Consultants**

- Income & Wealth Tax
- FEMA • Trust Laws
- Companies Act
- Estate Planning

## Ashutosh Capital Advisors

- Project Finance
- Business and Personal Loans
- Financial Restructuring
- Business Advisory Services
- Private Equity Funding
- Mergers and Acquistions

**અમારી કંપની છેલ્લા ઘણાં વર્ષોથી વેલ્થ મેનેજમેન્ટ અંગેની સેવાઓ આપી રહી છે. હવે અમો અમારી સેવાના વ્યાપમાં વધારો કરી ''આશુતોષ કેપીટલ એડવાઈઝર્સ'' નામનું નવું ડિવિઝન ચાલુ કરેલ છે જેની સેવાઓની વિસ્તૃત માહિતી આ અંકમાં આપવામાં આવેલ છે.**

**સેવાઓના વ્યાપમાં વધારાને ધ્યાનમાં લઈને તથા અમારી સેવાઓનું પ્રતિબિંબ પાડી શકે તે હેતુથી અમારી કંપનીનું નામ બદલીને ''આશુતોષ ફાયનાન્સીયલ સર્વીસીઝ પ્રા. લી.'' તરીકે કરવામાં આવેલ છે.**

## આશુતોષ કેપીટલ એડવાઈઝર્સ

અમારા ગ્રાહકોની ઘણા સમયથી માંગ હતી કે અમો અન્ય નાણાંકીય સેવાઓ સાથે નાણાની જરૂરિયાત હોય તો તે ક્યા વિકલ્પોથી શ્રેષ્ઠ રીતે સંતોષી શકાય તથા ધંધાનો વિકાસ કરવા અંગેની વિવિધ સેવાઓનું માર્ગદર્શન અમો આપીએ. અમારા ઘણાં બધાં ગ્રાહકોને અમો આ સેવાઓ વ્યવસાયીક રીતે આપતા ન હોવા છતાં તે ગ્રાહકો સાથેના મિત્રભાવથી ઘણા વર્ષોથી આપતા આવીએ છીએ.

હવે અમો વ્યવાસાયિક ધોરણે યોગ્ય સક્ષમ સ્ટાફ તથા ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે અમોએ **''આશુતોષ કેપીટલ એડવાઈઝર્સ''**ના નામથી અમારી કંપનીના એક અલગ ડિવિઝનની શરૂઆત કરેલ છે.

આપ સૌના સાથ અને સહકાર હરહંમેશ મુજબ જ અમને નવા નામ તથા સ્વરૂપમાં મળતો રહેશે તેવી અમારી અપેક્ષા છે.

અમારા આ ડિવિઝનની સેવાઓ અંગેની વિસ્તૃત માહિતી અને તેમાં અમારા ડિવિઝનની વિશિષ્ટ ભૂમીકા અંગે નીચે મુજબની માહિતી પ્રસ્તુત છે.

**૧. પ્રોજેક્ટ ફાયનાન્સ :**

હાલના યુગમાં કોઈપણ ધંધો, ઉદ્યોગ, વ્યવસાય ચાલુ કરવો હોય તો એક સ્તરે મોટી રકમની જરૂર પડતી હોય છે. આ રકમ તેના માલીકો દ્વારા પોતાના નાણાંકિય સ્ત્રોતોમાંથી પૂરી કરવી મુશ્કેલ હોય છે. તદ્ઉપરાંત કરવેરા તથા સબસીડી અંગેનો લાભો જે ઉદ્યોગ સાહસીક લોન લે તેનો જ મળે છે. આવા સંજોગોમાં લોન લઈ નવો પ્રોજેકટ

Birla Sun Life Mutual Fund
DSP BLACKROCK MUTUAL FUND
FRANKLIN TEMPLETON INVESTMENTS
HDFC MUTUAL FUND

કરવો તે એક યોગ્ય માધ્યમ માનવામાં આવે છે.

નવા પ્રોજેકટ માટે ક્યાં પ્રકારે નાણા મેળવવા જોઇએ તથા તે ક્યા સ્ત્રોતમાંથી મેળવવા જોઇએ અને તે નાણાં કઇ રીતે સૌથી કીફાયતી દરે મળી શકે તે હંમેશા એક પડકાર રહેલો હોય છે.

નવા પ્રોજેકટની શરૂઆતમાં જો આ અંગે ખોટી ઉતાવળ, યોગ્ય માર્ગદર્શન વગરના નિર્ણયો લેવાય જાય તો પ્રોજેકટની સફળતા પર પ્રશ્નાર્થ લાગી જાય છે.

અમારી કંપની દ્વારા લોન લેવા માટેના જરૂરી રીપોર્ટ જેવા કે પ્રોજેકટ રીપોર્ટ, CMA ડેટા વગેરે તૈયાર કરવા તથા બેંક સાથેની તમામ પ્રકારની કામગીરી અંગેની સેવાઓ પૂરી પાડવામાં આવશે.

કંપની દ્વારા નવા પ્રોજેકટ અંગેના પાયાના નિર્ણયોમાં નક્કર સુચનો કરી તે પ્રોજેકટ નાણાંકીય રીતે કેવી રીતે સફળ બની શકે તે અંગેની સલાહ સુચનો આપવામાં આવશે જે આપના પ્રોજેકટને સફળ બનાવવામાં ઉપયોગી બનશે.

## ૨. ધંધા, ઉદ્યોગ, વ્યવસાય અને વ્યક્તિગત જરૂરિયાત માટેની લોન :

કોઇપણ ધંધા, ઉદ્યોગ કે વ્યવસાયને સતત આગળ વધારવા માટે નાણાંની જરૂરિયાત રહે છે. આવા સમયે આવા નાણાં ક્યાંથી કેવી રીતે અને કેટલી ઝડપથી મેળવી શકાય છે તેના પર ધંધા, ઉદ્યોગ કે વ્યવસાયની સફળતાનો આધાર રહેલો છે.

અમારી કંપની દ્વારા ધંધા, ઉદ્યોગ અને વ્યવસાય માટે લેવામાં આવતી દરેક પ્રકારની લોન જેવી કે ટર્મલોન, ઓવરડ્રાફટ (OD), કેશ ક્રેડીટ (CC), પેકિંગ ક્રેડિટ (PCFC), મોર્ગેજ લોન વગેરે. ઉપરાંત વ્યક્તિગત ધોરણે નાણાંની જરૂરિયાત માટે હોમલોન, પર્સનલ લોન લેવા માટે બેંક સાથેની તમામ પ્રકારની કામગીરી અંગેની સેવાઓ આપને પૂરી પાડવામાં આવશે.

ઉપર જણાવેલ તમામ પરિસ્થિતિમાં સાચી નાણાંકીય સલાહ અને નાણાકીય વહીવટ અંગેના યોગ્ય નિર્ણયો માટે અમારા તરફથી સચોટ સલાહ મળી શકશે જે આપના માટે ઘણી ઉપયોગી અને લાભદાયી પુરવાર થઇ શકે છે.

## ૩. નાણાંકીય પુનઃ રચના (ફાયનાન્સીયલ રીસ્ટ્રકચરીંગ) :

ચાલુ રહેલા ધંધા, ઉદ્યોગ તથા વ્યવસાયમાં વખતો-વખત બદલાતી પરિસ્થિતીમાં અસ્તીત્વ ટકાવી રાખવા માટે તથા

ICICI PRUDENTIAL MUTUAL FUND
IDFC MUTUAL FUND
kotak Mutual Fund
L&T Mutual Fund

આગળ વધવા માટે કેટલા જડમૂળથી ફેરફાર કરવા જરૂરી હોય છે. આ ફેરફાર માટેના નિર્ણયો ખૂબ જ પાયાના અને પુરગામી હોય છે.

આવા નિર્ણયો લેવા માટે નાણાંકીય અનુભવ, કાયદા અંગેની તલસ્પર્શી સૂઝ અને ધંધાના નાણાંકીય વહીવટ અંગેની ઉંડી સમજની જરૂર હોય છે. અમારી કંપની નાણાંકીય પુનઃરચનાના કિસ્સામાં ગૂંચવણભરી પરિસ્થિતિમાંથી યોગ્ય માર્ગ શોધી નવું નાણાંકીય જોમ પુરવાનું કામ કરવા સજ્જ છે.

નાણાંકીય પુનઃરચનાના કિસ્સામાં એક સ્રોતમાંથી લીધેલ ધિરાણને બીજા સ્રોતમાં ફેરફાર કરવું એક મહત્ત્વની બાબત છે. આવા કિસ્સામાં દરેક નિર્ણયના ગુણ-દોષના બારીકાઈથી અભ્યાસ કરી નિર્ણય લેવામાં અમારી સલાહ અગત્યની પુરવાર થઇ શકે.

**૪. ધંધો, ઉદ્યોગ, વ્યવસાય અંગેની સલાહ :**

ધંધો, ઉદ્યોગ, વ્યવસાય ચાલુ કરનાર વ્યક્તિ અથવા તેનું સંચાલન કરનાર વ્યક્તિ તેના ધંધાની ટેકનીકલ બાબતમાં નિપુણ હોય તેવું આપણે જોતાં હોય છીએ. છતાં તેવા લોકોને ધારી સફળતા મળતી હોતી નથી. આનું કારણ ધંધો, ઉદ્યોગ કે વ્યવસાયનું સંચાલન કરવા માટે ટેકનીકલ નિપુણતા ઉપરાંત નાણાંકીય કુનેહની પણ જરૂરીયાત રહે છે. આ પરિસ્થિતિમાં નાણાંકીય અને કાયદાકીય બાબતોના જાણકાર વ્યક્તિ પાસેથી લીધેલી સલાહ ધંધામાં સફળતા અપાવી શકે છે.

અમારી કંપની દ્વારા ધંધા, ઉદ્યોગ, વ્યવસાય અંગેની વ્યાપક સલાહ આપવામાં આવશે. જેમાં ભવિષ્યમાં ધંધાના વિકાસની શક્યતા, ધંધો ક્યાં સ્વરૂપે ચાલુ કરવો જેમ કે માલીકીના ધોરણે, ભાગીદારી પેઢી કે કંપની સ્વરૂપે, દરેક ધંધાના સ્વરૂપ અનુસાર તેના લાભો અને ગેરલાભ રહેલા છે. આપના ધંધાના કદ અને વિકાસને ધ્યાનમાં રાખીને અમારી કંપની આપને ધંધાનું યોગ્ય સ્વરૂપ પસંદ કરવા અંગેની સલાહ પૂરી પાડશે.

અમારી કંપની દ્વારા ધંધા માટે અનુરૂપ એવું સંચાલકીય માળખાની ગોઠવણી, સત્તાની સોંપણી, વિકેન્દ્રીકરણ વગેરે જેવી સેવાઓ પૂરી પાડવામાં આવશે.

તદ્ઉપરાંત ધંધો, ઉદ્યોગ કે વ્યવસાય ચાલુ કરવામાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સબસીડી, વ્યાજ સહાય જેવા લાભો આપવામાં આવે છે. દરેક ધંધાકીય સ્વરૂપ અનુસાર અલગ અલગ લાભો મળવાપાત્ર

Reliance Mutual Fund
SBI MUTUAL FUND A PARTNER FOR LIFE
TATA MUTUAL FUND
uti UTI Mutual Fund

હોય છે. અમારી કંપનીની સલાહ થકી મહત્તમ પ્રમાણમાં આ પ્રકારના લાભો મળી રહે તે અંગેનું પૂરેપૂરું માર્ગદર્શન પુરૂં પાડવામાં આવશે.

**૫. પ્રાઈવેટ ઈક્વિટી ફંડીંગ :**

જ્યારે કોઈપણ ધંધો, ઉદ્યોગ, વ્યવસાય તેના માલીકો (પ્રમોટર) પોતાની પાસે રહેલી મૂડીથી ઝડપી વિકાસ કરવા ઈચ્છતા હોય અને વધારે પડતો આધાર વ્યાજે લીધેલ નાણાં પર ન રાખવો હોય ત્યારે પોતાની કંપનીનું બજાર ભાવે મૂલ્યાંકન કરી રોકાણ કરવા ઈચ્છતી સંસ્થાને પોતાની ઈકિવટી (શેર) માંથી અમુક અંશે શેર વેચી સ્થાપના અને વિકાસ માટે નાણાં ઉભા કરી શકાય છે. આ પ્રક્રિયાને પ્રાઈવેટ ઈકિવટી ફંડીગ તરીકે ઓળખવામાં આવે છે.

પ્રાઈવેટ ઈકિવટી ફંડીગ મેળવવું તે એક ખૂબ જ અટપટી અને ઉચ્ચકક્ષાની કુનેહથી કાર્યવાહી કરવાની જરૂરી એવી નાણાં મેળવવાની પ્રક્રિયા છે.

અમારી કંપની પ્રાઈવેટ ઈકિવટી મેળવવા માટેની જરૂરી તમામ પ્રકારની કાર્યવાહી કરવામાં સક્ષમ છે અને તે અંગેનો તમામ વહીવટ સંભાળવા માટે આપને ઉપયોગી થઈ શકશે.

ભારતમાં તથા વિશ્વમાં અનેક નાની નાની કંપનીઓએ પ્રાઈવેટ ઈકિવટી ફંડીગનો ઉચ્ચ શીખરે પહોંચવા માટે સીડી તરીકે ઉપયોગ કર્યો છે.

**૬. મર્જર એન્ડ એકિવઝિશન (ચાલુ ધંધા, ઉદ્યોગ અને વ્યવસાયનું જોડાણ તથા ખરીદ વેચાણ) :**

હાલના યુગમાં ધંધા, ઉદ્યોગ, વ્યવસાયને એકલા હાથે અલીપ્ત રહી ઝડપભેર આગળ વધવું તે કપરૂ કામ છે.

જ્યારે એક ધંધાર્થી બીજા એક ધંધાર્થી સાથે હાથ મીલાવીને આગળ વધે છે ત્યારે તે શક્તિમાં અનેક ગણો વધારો થઈ શકે છે. એક બીજાના પૂરક બની શકે છે. બંને ધંધાનો અમાપ વિકાસ સાધવાની તકો ઉભી કરે છે.

ચાલુ ધંધો, ઉદ્યોગ વ્યવસાયની ખરીદી કે વેચાણ કરી તેમાં રહેલ વિપુલ શક્તિનો લાભ લેવા માટેની તે એક પ્રક્રિયા છે. આવા ચાલુ એકમની ખરીદી કરી ખરીદનાર વિકાસ સાધી શકે છે અને વેચનાર તેણે કરેલ વર્ષોની સાધનાનો નાણાંકીય લાભ લઈ શકે છે.

ઉપરોક્ત તમામ પ્રકારની પ્રક્રિયા અંગેની તમામ કાર્યવાહી, સલાહ તથા વહીવટ કરવા માટે અમારી કંપનીની સેવાઓ ઉપયોગી થઈ શકે છે.

Birla Sun Life Insurance
HDFC Life Sar utha ke jiyo!
LIC
Angel Broking Service Truly Personalized




Premium SMS charges apply.
Insurance cover can be 10 times the monthly SIP amount in year one, 50 times in year two & 100 times in year three onwards, subject to a maximum of Rs. 20 Lakhs across all schemes / plans / folios. This cover ceases after you reach the age of 55 or on full / partial redemption or switching prior to the completion of the SIP tenure. Life Insurance cover is subject to limits and other terms and conditions as specified for availing Century SIP, an optional, add-on, facility made available under designated schemes of Birla Sun Life Mutual Fund. **This communication contains only few features of Century SIP. For further details and terms and conditions, investors are requested to refer to the Scheme Information Document of designated schemes or visit our website before availing Century SIP.** Further, the Group Life Insurance cover will be governed by the terms, conditions & exclusions of the insurance policy with the relevant insurance company as determined by the Birla Sun Life Asset Management Co. Ltd. (AMC). The AMC reserves a right to modify/annul the said Group Insurance Cover on a prospective basis. Insurance is a subject matter of solicitation.
**Mutual Fund:** Birla Sun Life Mutual Fund. **Asset Management Company/Investment Manager:** Birla Sun Life Asset Management Company Ltd. **Registered Office:** One India Bulls Centre, Tower - 1, 17th Floor Jupiter Mill Compound, 841, S. B. Marg, Elphinstone Road, Mumbai - 400013.

**Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.**


DISCLAIMER : This publication has been prepared by ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD. While reasonable care has been taken in its preparation, this publication does not purport to be a complete description of the securities, markets or developments referred to herein and ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD. does not warrant its accuracy or completeness. This publication is not an offer or solicitation of an offer to buy or sell any security or investments mentioned herein. Please read the offer documents carefully before investing.

To


Registered with Registrar of Newspapers for India Regi. No. GUJGUJ/2009/36607

Postal Regn. No. RAJKOT/600/2011-2013, office of posting RMS, Rajkot on 10th of every month Valid up to 31-12-2013

Printed by : Shri Rajen Umarshibhai Shah, Published by : Shri Daxesh Dinesh Kothari, Owned by : Shri Daxesh Dinesh Kothari and Printed at : Shrenik Printers, 134-Udhyog Nagar Colony, Opp. Krishna Steel, Lohanagar Main Road, Off. Gondal Road, Rajkot-360002. Gujarat-India and Published at : ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD., Sterling Apartment, Opp. Mahatma Gandhi School, Jawahar Road, Rajkot-360001. Gujarat-India. Editor : Shri Daxesh Dinesh Kothari.